Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-30 ■ તા. 4-8-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

હવે બંદૂકથી નહી પણ 'ડિજિટલ વોર'ની તૈયારી!

રશિયામાં બંધ થશે ગૂગલ સહિત મોટા પ્લેટફોર્મ

વિશ્વ હાલ ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યું છે. કેટલાક દેશોમાં રાજકીય ઉથલપાથલ જોવા મળી રહી છે તો કેટલાકમાં આર્થિક કારણે અરાજકતા ફેલાઈ છે. તો ક્યાંક ગૃહયુદ્ધના પણ સમાચાર સામે આવી રહ્યા છે. ઈઝરાયલ-હમાસ અને રશિયા-યુક્રેન વચ્ચે તો લાંબા સમયથી તણાવ ચાલી રહ્યો છે. ત્યારે હવે સૂત્રોમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં રશિયા હવે ડિજિટલ યુદ્ધની તૈયારી કરી રહ્યું છે. વિશ્વમાં હાલના સમયમાં કંઈક બનવાની અણી પર છે. હવે યુદ્ધ બંદૂકો, તોપો અને બોમ્બ-ગોળા પૂરતું મર્યાદિત નથી. હવે વૈશ્વિક સ્તરે પણ 'ડિજિટલ યુદ્ધ' શરૂ થઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. આ દરમિયાન રશિયાએ એક મોટી જાહેરાત કરી છે. રશિયન સ્ટેટ ડુમા (રશિયન સંસદ)ના ડેપ્યુટી એલેક્સી ડીડેન્કોના જણાવ્યાનુસાર, રશિયામાં ટૂંક સમયમાં ગૂગલ, એન્ડ્રોઈડ અનેજી બ્લોક કરવામાં આવશે. રશિયામાં સરકારી અધિકારીઓ અને અમલદારોને ઘણા સમય પહેલા આ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હવે પુતિન તેને સમગ્ર દેશમાં લાગુ કરવાની યોજના બનાવી લીધી છે.

આ ઉપરાંત રશિયન અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે 'ખાસ કરીને એવા લોકો પર આ પ્લેટફોર્મ્સ સામે પ્રતિબંધો લાદવામાં આવશે જેમની પાસે ખાનગી માહિતીની ઍક્સેસ છે. રશિયા તરફથી આ પહેલો સંકેત છે. દરેક વ્યક્તિને અન્ય પ્લેટફોર્મ પર સ્વિચ કરવાની જરૂર છે. જો કે, હજુ સુધી આ પગલું રશિયન સત્તાવાળાઓ દ્વારા કે કોઈ સંબંધિત પ્લેટફોર્મ દ્વારા લેવામાં આવ્યું હતું એ સ્પષ્ટ થયું નથી. રશિયન અધિકારીઓએ આને '્ટ્રિપ્લીક્વ્રઅ' ન ગણવા કહ્યું છે. એટલા માટે છે કારણ કે આવી બીજી ઘણી એપલીકેશન અને પ્લેટફોર્મ છે જેનો ઉપયોગ રશિયામાં થાય છે. જેમાંથી નેટફ્લિક્સ (ટ્રીકક્વૈટ) એક છે. રશિયાના આ નિર્ણય બાદ ઘણા લોકોએ વિરોધ નોંધાવ્યો હતો, પરંતુ થોડી જ વારમાં તેઓ પણ શાંત થઈ ગયા હતા.

રશિયન મીડિયાના અહેવાલો પરથી એવું પણ જાણવા મળ્યું છે કે પહેલા રશિયામાં ગૂગલ સેવાઓ પ્રતિબંધ મૂક્યા પછી રશિયન વીડિયો હોસ્ટિંગ સેવા પ્લેટફોર્મ ઠપ થઈ ગઈ છે. વેબસાઈટ પણ ઠપ તઈ ગઈ છે. અને આ પાછળનું કારણ ટેક્નિકલ ખામી છે. જોકે રશિયન અધિકારીના આ નિવેદન પછી કેટલાક સવાલો પણ ઉભા થઈ રહ્યા છે કે શું રશિયામાં ગૂગલનું ઠપ થવું ટેક્નિકલ ખામી છે કે પછી જાણી જોઈને કરવામાં આવ્યું છે.

રશિયાએ આરોપ લગાવ્યો હતો કે રશિયામાં યુટ્યુબની સ્પીડમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. કારણ કે ગૂગલે પોતાના ઉપકરણોને રશિયામાં અપગ્રેડ કર્યા નથી. આ ઉપરાંત રશિયાએ એવો પણ આરોપ લગાવ્યો છેકે ગૂગલે રશિયન મીડિયા ચેનલોને અનબ્લોક કરવાનો ઈનકાર કર્યો હતો. રશિયાએ ગૂગલને યુટ્યુબ અને ગૂગલમાંથી કેટલાક કંટેન્ટ દૂર કરવાનું પણ કહ્યું હતું.

મેડિકલના વિદ્યાર્થીઓ નવા નિયમો જાણી લો, અધવચ્ચે અભ્યાસ છોડશો તો થશે મોટું નુકસાન

મેડિકલનો અભ્યાસ કરનારા માટે નવો નિયમ આવ્યો છે. મેડિકલ અને ડેન્ટલ કોલેજોમાં કોઈ પણ વિદ્યાર્થી અધવચ્ચે અભ્યાસ છોડી દેશે તો તેને આગામી શૈક્ષણિક સત્રમાં પ્રવેશ આપવામાં આવશે નહી. આ નિયમ અન્ડરગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ અને સુપર સ્પેશિયાલિટી કોર્સનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ માટે લાગુ કરાયો છે. નેશનલ મેડિકલ કમિશન (દ્રસ્ઝ)ના નિર્દેશ પ્રમાણે આ નિયમો લાગુ કરાયા છે. બીજી તરફ હવે અભ્યાસ અધવચ્ચે છોડી દેનારા વિદ્યાર્થીઓ પાસેથી ૫ લાખ રૂપિયાનો દંડ નહીં વસૂલાય.મેડિકલ એજ્યુકેશનના મહાનિર્દેશક કિંજલ સિંહ દ્વારા શુક્રવારે લખનઉની તમામ મેડિકલ અને ડેન્ટલ કોલેજોને આ સૂચનાઓ જારી કરવામાં આવી હતી. આવી સ્થિતિમાં હવે એમબીબીએસ, એમડી, એમએસ, એમસીએચ, બીડીએસ અને એમડીએસ જેવા કોર્સમાં એડમિશન લેનારા વિદ્યાર્થીઓએ અભ્યાસ અધવચ્ચે જ છોડતા પહેલા ઘણું વિચારવું પડશે. અત્યાર સુધી રૂ. ૫ લાખનો દંડ ભર્યા બાદ તે અધવચ્ચે અભ્યાસ છોડીને આગામી સત્રમાં અન્ય કોર્સમાં એડમિશન લઈ લેતા હતા.હવે જો તેઓ આવું કરશે તો તેમણે પ્રવેશ માટે એક વર્ષ રાહ જોવી પડશે કારણ કે તેને આગામી સત્રમાં પ્રવેશ માટે પ્રતિબંધિત કરવામાં આવશે. દ્રસ્ઝએ આ નિયમને શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫થી લાગુ કર્યો છે. જે વિદ્યાર્થીઓએ અગાઉના શૈક્ષણિક સત્રમાં પ્રવેશ લીધો હોય તેમને આ નિયમ લાગુ નહીં થશે. તે દંડ ભરીને પોતાની સીટ છોડી શકશે અને આગામી સત્રમાં પ્રવેશ માટે તેને પ્રતિબંધિત માનવામાં આવશે નહીં.

કોર્સમાં છેલ્લા સત્રમાં સ્ટ્રે વેકેન્સી રાઉન્ડના ત્રણ તબક્કામાં જે ૨૫ વિદ્યાર્થીઓને સીટ ફાળવવામાં આવી હતી તેમણે પ્રવેશ નહતો લીધો.

વધુ એક યુદ્ધની તૈયારી, અમેરિકાએ મધ્યપૂર્વમાં ફાઈટર જેટ, વોરશિપ તહેનાત કર્યા, ઈઝરાયલની બનશે 'ઢાલ'

આંતકવાદી સંગઠન હમાસના વડા ઈસ્માઈલ હાનિયાની હત્યા બાદ ઈરાન દ્વારા ઈઝરાયલ પર હુમલાનો ભય વધી ગયો છે. જેના કારણે વિશ્વમાં વધુ એક મોટા પાયે યુદ્ધ ફાટી શકે છે. અમેરિકાએ પહેલેથી જ કહ્યું છે કે ઈરાન હાનિયાના મોતનો બદલો લેવા ઈઝરાયલ પર હુમલો કરી શકે છે. આ સ્થિતિ વચ્ચે અમેરિકાએ ઈઝરાયલની સુરક્ષા માટે મધ્ય પૂર્વમાં ફાઈટર પ્લેન અને યુદ્ધ જહાજો તહેનાત કરી દીધા છે. તેહરાનમાં હમાસ નેતા અને બેરૂતમાં હિઝબુલ્લાહના કમાન્ડરની હત્યા બાદ ઈરાન અને તેના સાથીઓ દ્વારા બદલો લેવાની ધમકી બાદ અમેરિકા હરકતમાં આવી ગયું છે.અમેરિકાએ નિવેદન આપ્યું છે કે, અમેરિકન રક્ષા વિભાગ મધ્ય પૂર્વમાં ફાઈટર જેટ સ્ક્વોડ્રનને તહેનાત કરશે. તે આ વિસ્તારમાં એરક્રાફ્ટ કેરિયરની જાળવણી કરશે. પેન્ટાગોને કહ્યું કે રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને ઈરાનના હુમલાથી ઈઝરાયલને બચાવવાની તૈયારીના ભાગરૂપે આ પગલાં લીધા છે.આ નિર્ણય અમેરિકન સૈનિકોની સુરક્ષાને સુનિશ્ચિત કરવા અને અમેરિકન સૈન્યની હાજરીને મજબૂત કરવા માટે લેવામાં આવ્યો છે. પેન્ટાગોને ઈરાન સામે પ્રતિરક્ષા તરીકે આવતા વર્ષ સુધી આ ક્ષેત્રમાં એક એરક્રાફ્ટ કેરિયર તહેનાત રાખવાનો નિર્ણય લીધો છે. જો કે, ફાઈટર જેટ સ્ક્વોડ્રન ક્યાંથી આવશે અને તેને મધ્ય પૂર્વમાં ક્યાં તહેનાત કરવામાં આવશે તે જાણી શકાયું નથી.રક્ષા સચિવ લોયડ ઓસ્ટીને યુરોપ અને મધ્ય-પૂર્વમાં એક્સ્ટ્રા બેલેસ્ટિક મિસાઈલ તહેનાત કરવાના આદેશ આપ્યા છે. તેની સાથે જમીનથી હુમલો કરી શકે તેવા હથિયારો

મોકલવાની પણ તૈયારી શરુ કરી દેવાઈ છે. ગુરુવારે બપોરે જો બાઈડનની ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથેની વાતચીતમાં, અમેરિકન બેલેસ્ટિક મિસાઈલો અને ડ્રોનથી સંભવિત હુમલાઓ સામે રક્ષણ આપવા માટે અમેરિકાના સૈન્યની તહેનાતીની ચર્ચા કરી હતી.મધ્ય પૂર્વ અને પૂર્વ ભૂમધ્ય સમુદ્રમાં અમેરિકાના યુદ્ધ જહાજોની તહેનાત હોય છે. તેમાં બે નેવી ડિસ્ટ્રોયર, યુએસએસ રૂઝવેલ્ટ અને યુએસએસ બુલ્કેલી તેમજ યુએસએસ વાપ્સ અને યુએસએસ ન્યુયોર્કનો સમાવેશ થાય છે. મધ્ય પૂર્વમાં અમેરિકા કયા નવા જહાજો જશે તે હજુ સ્પષ્ટ નથી.

રાજ્યમાં શહેરીકરણ અને ઔદ્યોગિકરણના વધતાં વ્યાપ સાથે વધી રહેલી ફાયર સેફ્ટીની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયની નગરપાલિકાઓમાં આકસ્મિક જરૂરી અગ્નિશમન વાહનો – સાધનો ફાયર વ્હિકલ્સ એન્ડ ઈક્વિપમેન્ટસ ખરીદી માટે કુલ ૬૩ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવા સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.ગુજરાત દેશના વિકાસનું રોલમોડેલ સ્ટેટ છે અને તેના પરિણામ સ્વરૂપે રાજયમાં શહેરીકરણ અને ઔદ્યોગિકરણનો વ્યાપ દિન પ્રતિદિન વધી રહ્યો છે. એટલું જ નહીં, ફાયર

સેફ્ટીની જરૂરિયાતો પણ વધી છે.મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ સંદર્ભમાં પ્રજાકીય પ્રતિનિધિઓ અને સ્થાનિક અગ્રણીઓએ કરેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતાં મુખ્યમંત્રીશ્રીએ સ્થાનિક શહેરી સત્તા તંત્ર તેમની પાસેના અદ્યતન ફાયર સેફ્ટી સાધનોથી સજ્જ રહે તેવા સલામતિ-સુરક્ષાના અભિગમથી આ રકમ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મંજૂર કરી છે.નગરપાલિકાઓની અગ્નિશમન વાહનો અને સાધનોની જરૂરીયાતો અનુસાર તેની ખરીદી ગુજરાત શહેરી વિકાસ કંપની(જી.યુ.ડી.સી.) કરીને સંબંધિત નગરપાલિકાઓને ફાળવણી કરશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર નગરપાલિકાઓમાં ૧૮ મીની ફાયર ટેન્ડર, ૨૧ વોટર બાઉસર, ૨૯ વોટર કમ ફોમ ટેન્ડર અને ૨ ઈલેક્ટ્રીક રેસ્ક્યુ બોટ મળી નગરપાલિકાઓ માટે ૭૧ વાહનો ખરીદી માટે કુલ રૂ. ૬૩.૦૨ કરોડની ગ્રાન્ટ ફાળવવા સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. રાજ્ય સરકારે ૨૦૨૦થી ૨૦૨૪ના વર્ષ દરમ્યાન નગરપાલિકાઓને ૮૫ વાહનો ફાળવેલા છે તથા અન્ય ૧૯ વાહનો ફાળવણીની પ્રક્રિયામાં છે.મુખ્યમંત્રીશ્રીએ આ નગરપાલિકાઓને ફાળવનારા અગ્નિશમન વાહનોમાં જી.પી.એસ. ટ્રેકિંગ સીસ્ટમના ઉપયોગ તથા તેના ડેટાને સી.એમ. ડેશબોર્ડ સાથે લીંક કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અગ્નિશમન વાહનો સાધનોની ખરીદી માટે માતબર નાણાં ફાળવણીની આપેલી આ સૈદ્ધાંતિક મંજુરીને પરીણામે નગરોમાં પ્રજાજીવનની જાનમાલ સુરક્ષા-સલામતી વધુ સુદ્રઢ અને સુનિશ્ચિત થશે.

અરવલ્લી : શામળાજી પોલીસે ટ્રકમાંથી ૧૨.૯૩ લાખના દારુ સાથે ૪૦.૮૮ લખાનો મુદ્દામાલ ઝડપ્યો

અરવલ્લી જીલ્લા જીં શૈફાલી બારવાલ પ્રોહિબિશનની સખ્ત અમાલવારી માટે કટિબદ્ધ હોવાથી દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેપલો કરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા નિતનવા કીમિયા અપનાવી રહ્યા છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા નાના-મોટા વાહનોનું સઘન ચેકિંગ હાથધરી બાતમીદારો સક્રિય કરી લાખ્ખો રૂપિયાના વિદેશી દારૂની ખેપ નિષ્ફળ બનાવી રહી છે અણસોલ નજીક વિદેશી દારૂની બોટલ પર લગાવવાના વિવિધ બ્રાન્ડના સ્ટીકર ભરેલ ખોખાની આડમાં ઘૂસાડાતો ૧૨.૯૩ લાખના વિદેશી દારૂ સહિત ૪૦.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ડ્રાઇવર ખેપિયાને દબોચી લીધોહતો એસ.કે.દેસાઈ અનેંજીંએન.એસ.બારા તેમની ટીમ સાથે રાજસ્થાન રાજ્યને અડીને આવેલ આંતરરાજ્ય સરહદો પર રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલીગ અને ચેકિંગ હાથધરતા રતનપુર ચેકપોસ્ટ પરથી રાજસ્થાન તરફથી ટ્રકમાં વિદેશી દારૂ ભરી ગુજરાતમાં ઠાલવવા નીકળ્યો હોવાની બાતમી મળતા પોલીસ સતર્ક બની બાતમી આધારીત ટ્રક આવતા અટકાવી તલાસી લેતા ટ્રકમાં મોટી માત્રામાં પૂંઠાના બોક્સની આડમાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ-૬૬૭૨ કિં.રૂ. ૧૨૯૩૧૨૦/-નો જથ્થો જપ્ત કરી ટ્રક ચાલક અજય શીભુ મેઘવાલને દબોચી લઇ વિદેશી દારૂ, ટ્રક, મોબાઈલ સહિત મુદ્દામાલ મળી કુલ રૂ. ૪૦.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી સુનિલ નામના બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

તંત્રી લેખ.....

શેરબજારમાં ધરખમ ફેરફારની તૈયારી

જો તમે પણ શેર બજાર અને આઈપીઓમાં રોકાણ કરતાં રહો છો તો હવે સેબી તેનાથી જોડાયેલા અમુક ફેરફાર કરવા જઈ રહી છે. શેર માર્કેટને રેગ્યુલેટ કરનારી સંસ્થા સેબી હવે કંપનીઓના આઈપીઓ માટે અરજી કરવાની સરળ રીત લાવવાની તૈયારી કરી રહી છે. નવી રીતમાં કંપનીઓને સંબંધિત ફોર્મમાં ખાલી સ્થાન પર સંબંધિત જાણકારી ભરવી પડશે. તેનાથી રોકાણકારોને કંપનીની જાણકારી સમજવામાં સરળતા થશે અને સેબીને પણ તપાસ કરવામાં વર્તમાન સમયની સરખામણીએ ઓછો સમય લાગશે. આ સિવાય સેબી ચીફ માધવી પુરી બુચે જણાવ્યું કે સેબીની મંજૂરી માટે એઆઈની મદદ લેવાની પણ તૈયારી કરી રહી છે. સેબી એવું ફોર્મ તૈયાર કરી રહી છે, જેને આઈપીઓની તૈયારી કરી રહેલી કંપનીઓએ ભરવું પડશે. તેનાથીને મંજૂરી મળવામાં ઓછો સમય લાગશે અને રોકાણકારોને કંપની વિશે જાણકારી સમજવામાં સરળતા થશે. નવા ફોર્મમાં કંપનીઓને ઓફર સાથે જોડાયેલી જટિલ બાબતોને પણ અલગથી સમજાવવા માટે સ્થાન આપવામાં આવશે. ચીફે જણાવ્યું કે નવું ફોર્મ સમજવામાં ખૂબ સરળ હશે. જો કોઈ અલગ વાત હશે તો તેને અલગથી સમજાવી શકાશે. સેબી ચીફે આ વાત ઉદ્યોગ સંગઠન ફિક્કીના એક કાર્યક્રમમાં કહી. સૂત્રો અનુસાર આ સમય ઘણી કંપનીઓ સેબીની પાસેને લઈને અરજી આપી ચૂકી છે. આ કંપનીઓ કુલ ૮૦,૦૦૦ કરોડ રૂપિયા બજારથી એકત્ર કરવા ઈચ્છે છે. આટલી અરજીઓના કારણે સેબીએ પોતાના બીજા કાર્યોને રોકીને કર્મચારીઓનેને સાથે જોડાયેલા કામ પર લગાવવા પડી રહ્યાં છે. સેબી એવી પ્રોસેસ પર પણ કામ કરી રહી છે. જેનાથી કંપનીઓને શેર માર્કેટમાં રૂપિયા એકત્ર કરવા માટે બે પ્રકારની મંજૂરી લેવાની જરૂર પડશે નહીં. અત્યારે કંપનીઓને રાઈટ્સ ઈશ્યૂ અને પ્રીફરેન્શિયલ ઈશ્યૂ માટે અલગ-અલગ મંજૂરી લેવી પડે છે. હવે સેબીની ઈચ્છા છે કે એક જ ફોર્મમાં સંપૂર્ણ જાણકારી હોય અને મંજૂરી મળવામાં અડધો સમય લાગે. તેનાથી કંપનીઓના રૂપિયા પણ બચશે કેમ કે તેમને વચેટિયાઓની જરૂર ઓછી પડશે.

કલાગુરુ શ્રી રવિશંકર રાવળના ૧૩૩મા જન્મોત્સવ નિમિતે કોન્ટેમ્પરરી આર્ટ ફાઉન્ડેશન દ્વારા વડોદરામાં સર્જન આર્ટ ગેલેરી ખાતે પ્રદર્શનનો પ્રારંભ

ગુજરાતના કલાગુરુ તરીકે સમગ્ર રાષ્ટ્ર જેમને આદર પૂર્વક નમન કરે છે એવા કલાગુરુ શ્રી રવિશંકર રાવળના ૧૩૩મા જન્મોત્સવ નિમિતે તા. ૧ ઓગસ્ટના રોજ કોન્ટેમ્પરરી આર્ટ ફાઉન્ડેશન દ્વારા વ્યવસ્થાપિત ગુજરાત આર્ટ સોસાયટી તેમજ સર્જન આર્ટ ગેલેરી, વડોદરાના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના ૭થી વધારે જેટલા સમકાલીન કલાકારોની ૧૧૦ જેટલાં ચિત્રો, ગ્રાફિક્સ અને શિલ્પાકૃતિ દ્વારા કલાગુરુની સ્મૃતિમાં એક ભવ્ય પ્રદર્શનનું આયોજન વડોદરાની સર્જન આર્ટ ગેલેરીમાં કરવામાં આવ્યું છે. જેનું ઉદ્ઘાટન વડોદરાના રાજમાતા શુભાંગિની રાજે ગાયકવાડ અને ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સના પૂર્વ ડીન અને કલા ઈતિહાસવિદ પ્રો. ડૉ. દીપક કન્નલના કરકમલો દ્વારા કરવામાં આવ્યું હતું.પ્રદર્શનના ઉદ્ઘાટન પૂર્વે ડૉ. દીપક કન્નલ દ્વારા "સમકાલીન હોવું" પર વ્યાખ્યાનમાં વડોદરા ઉપરાંત વિવિધ શહેરોમાંથી કલાકારો અને કલાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. ૧ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ સ્થપાયેલ કોન્ટેમ્પરરી આર્ટ ફાઉન્ડેશન દ્વારા વ્યવસ્થાપિત કલા ક્ષેત્રે કાર્યરત સંસ્થા ગુજરાત આર્ટ સોસાયટી દ્વારા તેમના બે વાર્ષિક સમકાલીન કલા પ્રદર્શન જે અમદાવાદ ખાતે યોજાયેલા હતાં તેમાં ખૂબ જ સફળતા મળેલ અને તેમાં વરિષ્ઠ કલાકારો થી લઈને વૈશિષ્ટિકૃત કલાકારો તેમજ વિદ્યાર્થી કલાકારોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. જેઓએ પોતાની ઉત્તમ કલાકૃતિઓ રજુ કરી કલાચાહકોની સરાહના મેળવી હતી. આ ત્રીજા પ્રદર્શનમાં પણ કલાગુરુ શ્રી રવિશંકર રાવળથી લઈ હાલ કલા સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી મુંબઈ જીવદયા મંડળી દ્વારા પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતી હોસ્પિટલો—સંસ્થાઓમાં સર્જીકલ સાધનો ખરીદવા માટે બીલની રકમની ૫૦ ટકા સહાય અપાશે.

શ્રી મુંબઈ જીવદયા મંડળી દ્વારા અમદાવાદ શહેર તથા રાજયની પશુ-પક્ષીઓની વિનામલ્યે સારવાર કરતી હોસ્પિટલો સંસ્થાઓમાં અબોલ જીવ-પશુ,પક્ષીઓને સુવ્યવસ્થિત સારવાર મળી રહે અને તેઓ પુનઃ સ્વસ્થ થાય તે માટે હોસ્પિટલ, સંસ્થાની માંગણી મુજબ અબોલ જીવોની સારવાર માટે જરૂરી સર્જીકલ સાધનોની સગવડતા પૂરી પાડી તેમને સધ્ધર અને પ્રોત્સાહીત કરવાના શુભ આશ્રયથી શ્રી મુંબઈ જીવદયા મંડળીએ એક 'અભિયાન' રૂપે આ સેવાકાર્ય શરૂ કરેલ છે.

પશુ-પક્ષીઓને સારવાર તો નાની—મોટી હોસ્પિટલ, સંસ્થાઓમાં મળી રહે છે પરંતુ ઘણી વખત ત્યાં સારવાર કરવાના સર્જીકલ સાધનો પૂરતા પ્રમારામાં ન હોવાને કારણે સંપૂર્ણ સારવાર થઈ શકતી નથી. આ સાધનોની જરૂરીયાતને પૂર્ણ કરવા અને વિવિધ ગામ શહેરોમાં આવેલ હોસ્પિટલોમાં તમામ પ્રકારની સારવારની સગવડ ઉભી કરવા અને હોસ્પિટલ સંસ્થાઓ આર્થિક રીતે સધ્ધર અને સજજ થાય તેવા શુભ આશ્રયથી ✕ શ્રી મુંબઈ જીવદયા મંડળીઅમદાવાદ' દ્વારા હોસ્પિટલ સંસ્થાઓને તેમની જરૂરીયાત મુજબના તમામ સર્જીકલ સાધનોની માંગતી કરતો હોસ્પિટલ સંસ્થાના લેટરપેડ ઉપર તેની અરજીપત્ર તથા સાધનની જરૂરીયાત મજબનું કવોટેશન (ભાવપત્રક) સંસ્થાના પરેશભાઈ સાંનીનેમો.નં.૮૮૬૬૬૪૨૨૭૮ ઉપર મોકલવાનો રહેશે.

હોસ્પિટલ સંસ્થાની જરૂરીયાત મુજબના સર્જીકલ સાધનની ખરીદીના બીલની રકમના ૫૦%સહાય (લાભ) 'શ્રી મંબઈ જીવદયા મંડળી ચૂકવશે. કોઈપણ સંસ્થા હોસ્પિટલે કરેલ અરજી નામંજુર કરવાનીસતા સંસ્થા પાસે રહેશે તથા સર્જીકલ સાધનોની ખરીદી કરતા પહેલા સંસ્થાની મંજૂરી મેળવવી ફરજીયાત રહેશે અને મંજુર કરેલ અરજીની ૫૦% રકમ જે—તે કંપની શોપમાં ચૂકવેલ હોય તે કંપની શોપમાં ચૂકવેલ રકમની રસીદ બીલ, ફોટોગ્રાફસ મો.નં.૮૮૬૬૬ ૪૨૨૭૮ ઉપર વોટસએપ કરીયર દ્વારા મોકલવા ફરજીયાત છે.હોસ્પિટલો સંસ્થાને શ્રી મુંબઈ જીવદયા મંડળીનો સહયોગ લાભ મળેલ હોય તે સાધન ઉપર જરૂર જણાયે 'શ્રી મંબઈ જીવદયા મંડળી—અમદાવાદ'ની તકતી લગાવડવાની રહેશે અથવા તો કોઈપણ દાતાની પણ તેમા તકી લગાવી શકાશે.આ યોજનાનો મુખ્ય ઉદેશ અબોલ—પશુપક્ષીઓને સારી સારવાર થકી અભયદાન આપી શકાય તેવા શુભ આશયથી આ અભિયાનનો વધુમાં વધુ લઈ સૌકોઈ અભયદાનના સહભાગી બને તેવું શ્રી મુંબઈ જીવદયા મંડળી—અમદાવાદની યાદીમાં જણાવાયું છે.

પત્રાવળી-પક્ર મહાથાળ

અમારાં સૌ પત્રપ્રેમીજનો !

પત્ર ! અત્ર, તત્ર, સર્વત્ર એવા — આ પત્રયાત્રાના અંતિમે પહોંચેલા, ને એક નહીં પણ ચચ્ચાર જણાં દ્વારા, અત્રે આકાશી ચોતરેથી લખાયેલા — પત્રથી અમે આપ સૌને સ્નેહયાદી મોકલી રહ્યાં છીએ.

વાત જાણે એમ બની કે —

બરાબર એક વરસ પહેલાં, એટલે કે ગયા જાનેવારીમાં આરંભાયેલી અમારી આ પત્રાવલિ અનેક રીતે જુદી પડનારી હતી. આરંભમાં તો અમનેય ખબર નહોતી કે એનું સ્વરૂપ કેવું હશેપ.

અમે તો પત્રની આ પરંપરાને પત્ર—આવલિ ગણીને એક 'પત્રમાળા' ધારી હતી પરંતુ આરંભમાં જ 'પતરાળી' શબ્દ સાંભરી આવેલો ! ને પછી તો આ પત્રોને અમે (ખાખરાનાં પાંદડાંને ગૂંથીને બનાવાતી પતરાળી જ ગણીને) ભોજન—વાનગીઓ પીરસતાં હોઈએ એ રીતે જ આપ સૌ વાચકો સમક્ષ (જાણે કે તમે સૌ અમારા આ નેટઆંગણે મહેમાન બનીને પધાર્યાં હોય તેમ) જુદીજુદી શબ્દવાનગી પીરસતાં રહ્યાં !!

મહેમાનોને આ વાનગીઓ કેટલો સમય પીરસી શકાય/પીરસી શકાશે—ની ગડમથલમાં અમે એવું નક્કી કરેલું કે ભોજનયજ્ઞ કર્યો જ છે તો પછી છપ્પનભોગ ધરીને જ સંતોષ લેશુંપ..

તો વાત આવી છે, વાચકમિત્રો ! તમને તો અમે આમ દર અઠવાડિયે વિવિધ વાનગીઓ પીરસતાં પીરસતાં પંચાવન ડીશો પીરસી વળ્યાં ને હવે આ છપ્પનમી છે. તમને શું લાગે છે, પંગતમિત્રો ! આ છપ્પનમી થાળીમાં "શું આપીએ તો ઠીક ગણાય ?"

બસ, આ જ સવાલના માર્યા આજે અમે ચારેય પીરસણિયાં (દેવિકા ધ્રુવ, રાજુલ કૌશિક, પ્રીતિ સેનગુપ્તા અને જુભૈ) આકાશીચોરે ભેળાં થયાં છીએ ને સૌની વાનગીઓની ભેળ બનાવીને મૂકવા ધારીએ છીએપ..("ઝાઝા રસોયા જમણ સુધારે" એવી નવી કહેવતનાં સર્જકો !)

વાચકમિત્રો ! આપનામાંનાં મોટાભાગના નેટજગતે સુજ્ઞવાચક તરીકે સામાજિક માધ્યમો દ્વારા વિવિધ માહિતી મેળવતા રહે છે; ઘણા વાચકોને પોતાનાં બ્લૉગ—સાઈટ કે ફેસબુક જેવાં પ્રકાશનસ્થાનો પણ છે. ક્યાંક, ક્યારેક, કોઈ નિમિત્તે આ સૌ ભેળાં થઈ જઈને સામૂહિક કાર્યોને સફળ બનાવે છે. અમે પણ આ પત્રમાળા દ્વારા કંઈક એવું જ ગોઠવેલું જેને કારણે આ લખનાર ચાર જણ સિવાય પણ ઘણા બધા લોકો પત્રથાળીમાં પોતાની વાનગી પીરસી ગયાં ! ને એટલે જ, એ સૌ લેખકમિત્રોની સાથે સાથે આપ સૌ વાચકોનો પણ સાભાર ઉલ્લેખ આરંભે જ કરી લેવો છે.

આપ સૌનો સહયોગ કાયમ યાદ રહેશે

મિત્રો, ટપાલવહેવાર તો હવે ભૂતકાળ બની રહ્યો છે એવે ટાણે આ આકાશી પત્રોએ અમને પ્રેરણા આપી છે. આમ જોઈએ તો ટપાલ ફક્ત સંદેશાવ્યવહારનું જ માત્ર સાધન નહોતું. પત્ર એક સાહિત્યસ્વરૂપ પણ હતું જ. ગુજરાતી સાહિત્યમાં પણ પત્રોએ ઉત્તમ, સાહિત્યિક વાચન પૂરું પાડ્યું છે. અત્યારે, આ લખતાંમાં યાદ આવી ગયો હીરાબહેન પાઠકનો, વંદનીય સ્વ રા.વિ.પાઠકને લખેલો "પરલોકે પત્ર" ! સહયોગીઓ, આપણી ગરવી ગુજરાતીમાં લખાયેલા આવા અન્ય પત્રો પણ તમને યાદ આવે તો વળતી ટપાલે (કૉમેન્ટકક્ષે) જણાવજો પાછાં !

પત્ર શબ્દ જ એવો છે જે સાંભળતાં જ વૃક્ષને વળગી રહેલું પાન યાદ આવી જાય. કેટકેટલા રંગો, કેટકેટલા આકારો, શાખાપ્રશાખાને વળગીને કરાતા કેટકેટલા ધ્વનિવિશેષપ..અને ખાસ કરીને કેટકેટલા તેના ઉપયોગો !! પાંદડું, પાન, પર્ણ ને પત્ર એમ વિવિધ નામે સંબોધાતું આ પાન ખરેખર તો વૃક્ષ—વેલી—છોડનું રસોડું છે તે કોણ નથી જાણતું ? ભૂમિજળ, સૂર્યનાં કિરણો અને હવાની સામગ્રીમાંથી આ જ પાન રસોડું ચલાવે છે ને વિશ્વને મળી જાય છે અણમોલ, પૌષ્ટિક જીવનતત્ત્વો !! પુષ્પમ્ અને ફલમ્ તો આ પત્રમ્ ને જ આધારિત છે ને !

અમે લોકો આ પત્રને રસોડે જે કાંઈ રાંધવાને મથ્યાં એમાં પહેલો પદારથ અમને મળ્યો તે શબ્દનો ! ભોજન તૈયાર કરવામાં વિવિધ સામગ્રીની જરૂર પડે. અમારી મુખ્ય સામગ્રી તો હતી શબ્દ ! એ શબ્દની સાથે 'વિચારો' ભેળવ્યા અને "ભાવ"નું ઉમેર્યું મોણ ! સરસ મજાનો પીંડ બંધાતો રહ્યો ને અમે એમાંથી

સાયબર ક્રાઈમની કામગીરી અર્થે બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે.એફ.બળોલિયાની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદ યોજાઈ

★રાજ્યભરમાં સાયબર ક્રાઈમનો ભોગ બનેલા ૨૮,૦૦૦ બેંક ખાતાઓ અનફ્રીઝ કરવામાં આવ્યા : પોલીસ અધિક્ષકશ્રી

★બોટાદ જિલ્લામાં ૨૦૨૪થી આજ દિન સુધીમાં ૯૫ અરજદારોને ૪૫ લાખ ૩૦ હજાર જેટલા નાણાં અનફ્રીઝ કરાયા : પોલીસ અધિક્ષકશ્રી

★ન્યૂઝ ઓફ ગાંધીનગર : ભાવેશ પરમાર (બોટાદ)★

બોટાદ જિલ્લામાં તેમજ ગુજરાત રાજ્યમાં થયેલા સાયબર ક્રાઇમ અંતર્ગત થયેલી કામગીરી અર્થે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે.એફ.બળોલિયાની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદ યોજાઈ હતી. પત્રકાર પરિષદમાં સાયબર ક્રાઇમની કામગીરી, સાયબર અવેરનેસ, નાણાં પરત (રિફંડ) જેવી પ્રજાલક્ષી કામગીરી તેમજ લોકોમાં સાયબર ક્રાઇમ બાબતે જાગૃતતા આવે એ હેતુથી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા. પોલીસ અધિક્ષકશ્રી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, તાજેતરમાં ગુજરાત પોલીસે સાયબર ક્રાઈમનો ભોગ બનેલા હજારો મધ્યમ વર્ગીય લોકોની પીડાને ઘટાડવા માટે એક મોટો પ્રયાસ કર્યો છે. સાયબર ક્રાઈમની તપાસમાં તેમના સહયોગના કારણે અગાઉ લોક થઈ ગયેલા ૨૮,૦૦૦ બેંક ખાતાઓ અનફ્રીઝ કરવામાં આવ્યા છે. આ પગલું એ પીડિતોને નોંધપાત્ર રાહત આપશે જેઓ ખોટી રીતે પેમેન્ટ સ્વીકારીને છેતરપિંડીનો ભોગ બન્યા હતા અથવા તો અજાણતા આ પ્રકારની યુક્તિઓમાં ફસાઈ ગયા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રિફંડની રકમ અને હોલ્ડ પર મૂકવામાં આવેલી રકમમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. ૨૦૨૪માં રિફંડ કરાયેલી રકમની ટકાવારી ૪૬.૪૨% છે, જે ૨૦૨૩માં માત્ર ૧૭.૯૩% હતી. ૩૦ જૂન ૨૦૨૪ સુધી હોલ્ડ પર રાખવામાં આવેલી એટલે કે અટકી ગયેલી કુલ રકમ ૧૧૪.૯૦ કરોડ છે અને ૨૦૨૪ માટે રિફંડ કરાયેલી રકમ ૫૩.૩૪ કરોડ છે. આ તફાવત દર્શાવે છે કે ઓથોરિટીએ સાયબર ક્રાઈમના પીડિતોને સમયસર રાહત મળે એ સુનિશ્ચિત કરવા માટે સક્રિય પગલાં લીધા છે.

સાથોસાથ જણાવ્યું હતું કે, પોલીસે એકાઉન્ટ ફ્રીઝ કરવા અંગેની તેમની પોલિસીમાં પણ સુધારો કર્યો છે. નવી પોલિસી અસરકારક રીતે ગુના નિવારણ અને નિર્દોષ પક્ષો પર નાણાકીય બોજ ઘટાડવા વચ્ચે સંતુલન જાળવવા માટેનું એક મહત્વપૂર્ણ પ્રથમ પગલું છે. જે કુલ રકમને બદલે ખાતાના એ ભાગને ફ્રીઝ કરે છે જે છેતરપિંડીથી અસરગ્રસ્ત હોય . તેઓ હવે આખા અકાઉન્ટને બદલે માત્ર છેતરપિંડી સાથે સંકળાયેલી ચોક્કસ રકમને જ ફ્રીઝ કરશે. આ ફેરફારનો હેતુ મધ્યમ-વર્ગની વ્યક્તિઓ પરના નાણાકીય તણાવને ઘટાડવાનો છે.મધ્યમ-વર્ગના લોકો સાયબર ક્રાઇમના લીધે આર્થિક રીતે પ્રભાવિત થયા હતા અને અકાઉન્ટ ફ્રીઝ થવાના કારણે તેઓ પોતાના ખાતામાં રહેલી રકમને મેળવવા માટે અસમર્થ હતા. હવે તેમના અકાઉન્ટ અનફ્રીઝ થવાને કારણે એટલે કે ખૂલી જવાના કારણે મોટી રાહત અનુભવી રહ્યા છે. આ ઉપરાંત ઓથોરિટીએ વિનંતી કરી છે કે જેમને પણ એવું લાગતું હોય કે તેમના એકાઉન્ટક ભૂલથી ફ્રીઝ કરવામાં આવ્યા છે તેઓ સાયબર ક્રાઈમમાં તેમની બિન-સંડોવણી દર્શાવતા પુરાવા સાથે આગળ આવે એક પછી એક કેસના આધારે આ અકાઉન્ટ્સની સમીક્ષા કરવામાં આવશે અને ત્યારબાદ શક્યતઃ અનફ્રીઝ કરવામાં આવશે.

વધુમાં બોટાદ જિલ્લામાં સાયબર ક્રાઇમ સેલ દ્વારા કરવામાં આવેલી કામગીરી અંગે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે ૩૭ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૩માં સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા કુલ ૮૫ અરજદારોને ૧૬ લાખ ૮૫ હજાર જેટલી રકમ પરત અપાવવામાં આવી છે, જ્યારે ૨૦૨૪માં આજ દિન સુધીમાં ૯૫ અરજદારોને ૪૫ લાખ ૩૦ હજાર જેટલી રકમ પરત અપાવવામાં આવી છે. તમામ બોટાદવાસીઓને અનુરોધ છે કે, આપણે સૌ સાયબર ક્રાઈમ અંગે જાગૃત બનીએ જે અત્યારના સમયમાં અંત્યત આવશ્યક છે

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, હસ્તકની ગઢડા તાલુકાની ૩ શાળાઓમાં કેન્દ્ર સંચાલકની ખંડ સમયની નિમણૂક માટે અરજીઓ મંગાવાઈ

ન્યૂઝ ઓફ ગાંધીનગર : ભાવેશ પરમાર (બોટાદ)

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, હસ્તકની ગઢડા તાલુકાના સમઢીયાળા પ્રા.શાળા(કેન્દ્ર નં.૨૯),બ્રાંચ શાળાનં.૪(કેન્દ્ર નં.૮૫) તથા નવા રાજપીપળા-૧ પ્રા.શાળા(કેન્દ્ર નં.૯૧) ખાતે વર્ષ ૨૦૨૪—૨૫ના શૈક્ષણિક વર્ષ અન્વયે કામ ચલાઉ ધોરણે કેન્દ્ર સંચાલકની ખંડ સમયની માનદ વેતનથી નિમણૂક માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. ઉમેદવાર એસ.એસ.સી.પાસ તથા લઘુત્તમ વય મર્યાદા ૨૦ વર્ષથી વધુ અને ૫૦ વર્ષથી ઓછી તેમજ સ્થાનિક ગામનો રહીશ હોવો જોઈએ. વિધવા તેમજ ત્યક્તા બહેનોને અગ્રતા આપવામાં આવશે. નિયત અરજીપત્રક મામલતદાર કચેરી-ગઢડા ખાતેથી કચેરી સમય દરમિયાન વિનામૂલ્યે મેળવી શકાશે.લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૧૪/૦૮/૨૦૨૪ સુધીમા નિયત ફોર્મમા અરજી કરી મામલતદાર કચેરી, ગઢડા ખાતે જન્મનુ પ્રમાણપત્ર /શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, એસ.એસ.સી. પાસ કર્યાનું પ્રમાણપત્ર તથા છેલ્લી શૈક્ષણિક લાયકાતનું પ્રમાણપત્ર, રાશનકાર્ડની નકલ, ચૂંટણી કાર્ડ તથા આધારકાર્ડની નકલ, જાતિ પ્રમાણપત્રની નકલ, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ-૧, વિધવા તથા ત્યકતા હોવાના કિસ્સામાં અધિકૃત અધિકારીશ્રી તરફથી અપાયેલુ પ્રમાણપત્ર અથવા પુરાવા, અન્ય કોઈ લાયકાત અથવા અનુભવ ધરાવતા હોય તો તે અંગેનું પ્રમાણપત્ર, બેંક પાસબુકની નકલ (પ્રમાણપત્ર તથા આધાર પુરાવાની પ્રમાણીત નકલ રજુ કરવી)સહિતના આધાર પુરાવા સાથે રજુ કરવી.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું